# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2024** **Midday : 2.30 to 2.30**

**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## STATE RAIN

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 114 તાલુકાઓમાં કમોસમી વરસાદ થયો છે. જેમા અમરેલીના સાવર કુંડલા તાલુકામાં અઢી ઇંચ, જ્યારે ભરૂચના નેત્રંગમાં બે ઇંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તથા ભરૂચના વાલીયા તાલુકામાં દોઢ ઇંચથી વધારે વરસાદ થયો હતો. નર્મદાના તિલકવાડામાં દોઢ ઇંચ વરસાદ નોંધાયો હતો. વરસાદ અને વવાઝોડાને કારણે અનેક જિલ્લાઓમાં વીજળીનો પુરવઠો ખોરવાયો હતો, જેમાંથી 3,743 ગામોમાં વીજ પુરવઠો ફરી શરૂ કરાયો છે. વિવિધ ઘટનાઓમાં વીજળી પડવા તેમજ છાપરાં પડવાથી ત્રણના મોત થયાના સમાચાર છે, જ્યારે 40થી વધુ પશુઓના મોત થયા છે.

દરમિયાન ગઇકાલે થયેલા ભારે વરસાદ બાદ આજે સવારથી વરસાદની ગતિ મંદ પડી છે રાજ્યના ઇમરજન્સી સેન્ટર દ્વારા જાહેર કરાયેલા સવારના છ થી બપોરના બાર વાગ્યા સુધીના વરસાદના આંકડા અનુસાર છ તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જેમાં છોટાઉદેપુર જીલ્લાના છોટાઉદેપુર અને કવાંટમાં પાંચ-પાંચ મીલિમીટર વરસાદ પડ્યો હતો જ્યારે દાહોદ અને સાગબારામાં 3-3 મીલિમીટર વરસાદ નોંધાયો હતો.

## WEATHER PREDICTION

હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જેને જોતા કૃષિ વિભાગે ખેડૂતોને કમોસમી વરસાદ સામે પાકનું રક્ષણ કરવા વિવિધ સૂચનાઓ જાહેર કરી છે.

આગામી દિવસોમાં અરવલ્લી, દાહોદ, મહિસાગર, ડાંગ, વલસાડ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ, આણંદ, ભરૂચ અને સુરતમાં પવન અને ગાજવીજ સાથે હળવોથી મધ્ય વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગ અનુસાર મધ્ય પ્રદેશની ઉપર બનેલા ચક્રવાતી અસરને પગલે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં 16 મે સુધી કમોસમી વરસાદ પડી શકે છે. 17 મેથી રાજ્યમાં ફરી ગરમી વધી શકે છે.

## RAGHAVJI PATEL

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદને લઈને કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે પાક નુકશાની માટેના સર્વે કરાવવાના આદેશ આપી દેવાયા છે.. તેમણે ઉમેર્યુ હતું કે હજુ પણ 4 દિવસ વરસાદ ની આગાહીને લઈને અંતિમ સર્વે અહેવાલ 17 મી મે બાદ મંગાવવામાં આવશે.કમોસમી વરસાદ ના કારણે ખેતીવાડી અને બાગાયતી પાકો ને નુકશાન થયુ છે તેમાં બાગયતી પાકોને વધુ નુકસાન થયું હોવાનું તેમણે જણાવ્યું હતું..બાગાયતી પાકોમા કેરીના પાક ને વ્યાપક નુકશાન થયું છે.

## PRE MONSOON

આગામી ચોમાસા દરમ્યાન પૂર,વાવાઝોડુ અને ભારે વરસાદ જેવી કુદરતી આપત્તિનો સામનો કરવા,આગોતરી તૈયારી કરવા માટે રાજ્યના વિવિધ જીલ્લાઓમાં બેઠક યોજાઇ રહી છે. જે અંતર્ગત પંચમહાલ અને રાજકોટમાં પ્રિમોન્સૂન એક્શન પ્લાન ઘડવા માટેની મહત્વપૂર્ણ બેઠક બંને જીલ્લાઓના કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી..

આ પ્રિ-મોન્સુન બેઠકમાં રાહત અને બચાવની કામગીરી માટે જરૂરી સાધન સામગ્રીની ચકાસણી, રોડ - રસ્તાનું સમારકામ અને લેવલીંગ, પાણીના નિકાલના માર્ગો અડચણમુક્ત કરવા, શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંય પાણી ન ભરાય તેની તકેદારી રાખવા, કંટ્રોલ રૂમની કામગીરી, બચાવ રાહત અને પુનઃ સ્થાપનની કામગીરી, રાહત વિતરણ, આરોગ્ય વિષયક સેવાઓ, પીવાનું શુદ્ધ પાણી અને ભોજન વ્યવસ્થા, અવિરત વીજપુરવઠો અને સંદેશા વ્યવહાર જેવા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત કોઇપણ સ્થિતીને પહોંચી વળવા સ્થાનિક તરવૈયાઓની યાદી, એસ.આર.પી. ટીમની સજ્જતા,વિવિધ વોકળા- નદીપટની સફાઈ, પશુઓને ઘાસચારો વગેરે વિષે ચર્ચા કરવામાં આવી હતી.

## death by drowning

નર્મદાના પોઇચામાં નર્મદા નદીમાં ન્હાવા ગયેલા 3 બાળકો સહીત આઠ લોકો ડૂબ્યાં હોવાના અહેવાલ છે. અમારા નર્મદાના પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે, મૂળ અમરેલીના અને હાલ સુરતમાં રહેતા પ્રવાસીઓ નર્મદા નદીમાં ન્હાવા ગયા હતા જે

દરમિયાન આ ઘટના સર્જાઇ હતી. જેમાંથી સ્થાનિકોએ એક વ્યક્તિને બચાવ્યો હતો. જયારે હજુ લાપતા થયેલા સાત લોકોની શોધખોળ ચાલી રહી છે.

રાજપીપળા પોલીસ અને અગ્નિશામક દળની ટીમોએ શોધખોળ હાથ ધરી છે. દરમિયાન, નર્મદાના ડેડિયાપાડાના દાભવણ ગામે આજે વીજળી પડતાં બે યુવાનોના મોત નીપજયા છે. જયારે નાંદોદ તાલુકાના ભૂછાડ ગામે પણ ઝાડ પર વીજળી પડવાનો બનાવ બન્યો હતો.

## RAJKOT ICE FACTORY TAPAS

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઠારિયા રોડ અને ગોંડલ રોડ સહિતના વિસ્તારોમાં આવેલી બરફની ફેક્ટરીઓમાં તપાસ કરીને પરવાના અને એકમમાં સ્વચ્છતાના માપદંડોનું પાલન નહીં કરનારા પાંચ એકમોને નોટિસ ફટકારવામાં આવી છે. ગરમીની મોસમ દરમિયાન નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઇ ચેડાં ન થાય તે માટે ફૂડ વિભાગ દ્વારા બરફનું ઉત્પાદન કરતા એકમો અને ખાદ્યચીજોનું વિચાણ કરતાં એકમોની તપાસ હાથ ધરાઇ હતી.. મનપાની ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાં ચકાસણી વાન સાથે ખાદ્ય પદાર્થો વેચતા એકમોની તપાસ કરવામાં આવી હતી. તેમજ વિવિધ એકમોના 25 નમૂનાની સ્થળ પર જ ચકાસણી કરવામાં આવી હતી.

## AMRELI DIPDO

અમરેલીના ધારી તાલુકાના વાવડી ગામે ખુલ્લા કૂવામાં દિપડો ખાબકતાં તેનું મોત થયું હતું. અમારા અમરેલીના પ્રતિનધિ હરેશ ટાંકના જણાવ્યા મુજબ એક ખેડૂતની વાડીમાં ગત મોડી રાતે શ્વાનનો શિકાર કરવા દીપડો આવી ચડ્યો હતો. દિપડાના હુમલાથી બચવા શ્વાન કુવામાં ખાબક્યો હતો. દિપડો પણ શ્વાનનો શિકાર કરવા ઊંડા કૂવામાં ખાબકતાં બંનેના મોત થયા હતા.

આ ઘટનાની જાણ વનવિભાગને કરાતા રેન્જ વનવિભાગની ટીમે દીપડાનો અને શ્વાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.. દિપડાના મૃતદેહને પી.એમ.માટે એનિમલ કેર સેન્ટરમાં મોકલ્યો હતો.